# વિષય - ગણિત ૧૦. દસમો અને સો મો ભાગ

❖ અધ્યયન નિષ્પતિઓ :- 1. આપેલ સંખ્યાનું અપૂર્ણાંક સ્વરૂપ દર્શાવે અને તેને આધારિત માહિતીનું અર્થઘટન કરે.
2. દશાંશ અપૂર્ણાંકની સમજ મેળવે.
3. લંબાઇ અને નાણાનાં એકમોમાં દસમો અને સો મો ભાગની સમજ મેળવે.

**પ્રશ્ન- 1.** નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) 1 સે.મી. ના દસમાં ભાગને ............................... કહે છે.

(અ) મીટર (બ) મિલિમીટર (ક) કિલોમીટર (ડ) સેન્ટીમીટર

(2) 0.7 સે.મી. = ..................મિલિમીટર

(અ) 7 (બ) 70 (ક) 700 (બ) 0

(3) 1. મીટરના સો મા ભાગને ...................... કહે છે.

(અ) મીટર (બ) મિલિમીટર (ક) કિલોમીટર (ડ) સેન્ટીમીટર

(4) 50 સે.મી. = ..................મીટર

(અ) 50 (બ) 0.5 (ક) 5 (બ) 0.05

(5) 9 સે.મી. = ..................મીટર

(અ) 90 (બ) 9 (ક) 0.09 (બ) 0.9

(6) 1 પૈસો એ 1 રૂપિયાનો કેટલામો ભાગ છે ?......................

(અ) એક (બ) દસ (ક) સો (ડ) હજાર

(7) 75 પૈસાને .................. રીતે પણ લખી શકાય.

(અ) 0.75 રૂ. (બ) 0.75 પૈસા (ક) 75 પૈસા (બ) 75 રૂ.

(8) 2.50 રૂ. એટલે ..........રૂ. અને .......... પૈસા

(અ) 25 રૂ. અને 0 પૈસા (બ) 2 રૂ. અને 5 પૈસા (ક) 20 રૂ. અને 50 પૈસા (ડ) 2 રૂ. અને 50 પૈસા

(8) 40.5 સેમી એટલે ............ સેમી અને ............ મિલિમીટર.

(અ) 40 સેમી અને 5 મિલિમીટર (બ) 4 સેમી અને 50 મિલિમીટર

(ક) 40 સેમી અને 50 મિલિમીટર (ડ) 400 સેમી અને 5 મિલિમીટર

(9) 5 પૈસા = .................. રૂપિયા

(અ) 0.5 (બ) 0.05 (ક) 50 (બ) 5

(9) 3 મીટર અને 5 સેમી = .................. મીટર

(અ) 3.50 (બ) 350 (ક) 3.05 (બ) 35

(5) 99 સે.મી. = ..................મીટર

(અ) 9.9 (બ) 9.90 (ક) 0.9 (બ) 0.99

## પ્રશ્ન- 2. નીચે આપેલા જોડકાં યોગ્ય રીતે જોડો.

| | | |
|---|---|---|
| $\frac{1}{2}$ રૂપિયા | 10 પૈસા | 0.25 રૂપિયા |
| $\frac{1}{4}$ રૂપિયા | 50 પૈસા | 0.10 રૂપિયા |
| $\frac{1}{10}$ રૂપિયા | 90 પૈસા | 0.07 રૂપિયા |
| $\frac{7}{100}$ રૂપિયા | 75 પૈસા | 0.50 રૂપિયા |
| $\frac{3}{4}$ રૂપિયા | 25 પૈસા | 0.90 રૂપિયા |
| $\frac{90}{100}$ રૂપિયા | 7 પૈસા | 0.75 રૂપિયા |

## પ્રશ્ન- 3. નીચે આપેલા દાખલા ગણો.

| | |
|---|---|
| (1) એક દિવાસળીની કિંમત 0.50 રૂ. હોય તો 4.50 રૂ. માં કેટલી દિવાસળી ખરીદી શકાય ? | (2) એક પેનની કિંમત ૫.૫૦ રૂ. હોય, તો ૧૦ પેનની કિંમત કેટલી થાય ? |
| (3) એક પતંગની કિંમત 2.50 રૂ. હોય તો એક કોડી પતંગની કેટલી કિંમત થાય ? | (4) નયન પાસે 1 રૂ. નો એક સિક્કો, 2 રૂ. ના બે સિક્કા અને 5 રૂ. નો એક સિક્કો છે. તે 8.75 રૂ. ના ભાવનો એક સાબુ ખરીદે છે. તો હવે તેની પાસે કેટલા રૂપિયા વધશે ? |

(5) કાજલ પાસે 70 રૂ. છે. તે એક ડઝન કેળાં અને ત્રણ સાબુ ખરીદે છે. જો તેને બે પેન ખરીદવી હોય તો શું તે પેન ખરીદી શકશે ? એક કેળાના 2.50 રૂ, એક સાબુના 8.75 રૂ. અને એક પેનના 6.50 રૂ. કિંમત છે.

પ્રશ્ન- 4. પાઠયપુસ્તકના પાન નંબર 143 પર આપેલ કોષ્ટકને આધારે દાખલા ગણો.

| | |
|---|---|
| (1) રાહુલના મામા ઈંગ્લૅન્ડ થી 50 પાઉન્ડ મોકલે છે. તો રાહુલ પાસે ભારતીય ચલણ પ્રમાણે કેટલા રૂપિયા થાય ? | (2) સેજલને 840 રૂ. ના બદલામાં કેટલા યુઆન મળે ? |
| (1) લલિત પાસે 960 રૂ. છે તે સાઉથ આફ્રિકામાં જાય તો તેને કેટલા રેન્ડ મળે ? | (4) માજીદના પિતાજી સાઉદી અરેબિયાથી 200 દિરહામ મોકલે છે. માજીદ તેમાંથી 2500 રૂ. કોલેજની ફી ભરે છે, તો હવે તેની પાસે કેટલા રૂપિયા વધે ? |
| (5) વંદનાના પિતાજી અમેરિકામાં કામ કરે છે. તેમને પગાર પેટે 1100 ડોલર મળે છે. અને અલ્પનાના પિતાજી જર્મનીમાં કામ કરે છે. તેમને પગાર પેટે 1000 યુરો મળે છે, તો પગાર પેટે ભારતીય ચલણ મુજબ કોને વધારે રૂપિયા મળે ? કેટલા ? | |

પ્રશ્ન-5. નીચેના કોષ્ટકમાં બપોરે ૨:૦૦ કલાકે દરેક શહેરનું તાપમાન નોંધવામાં આવેલું છે. તેને આધારે પ્રશ્નોના જવાબ લખો.

| શહેર | તાપમાન ($^0$C) |
|---|---|
| અમદાવાદ | 26.4$^0$C |
| સુરત | 18.6$^0$C |
| વડોદરા | 20.2$^0$C |
| રાજકોટ | 21.8$^0$C |
| નલિયા | 7.1$^0$C |

(1) કયા શહેર સૌથી વધારે ગરમ છે? કયા શહેરનું તાપમાન સૌથી ઓછું છે ?

..............................................................................

(2) કયા શહેરનું તાપમાન સૌથી ઓછું છે ?

..............................................................................

(3) અમદાવાદનું તાપમાન નલિયાના તાપમાન કરતાં કેટલું વધારે છે?.................................

(4) વડોદરાનું તાપમાન અમદાવાદના તાપમાન જેટલું વધે તે માટે કેટલો વધારો જરૂરી છે ?

..............................................................................................................

(5) રાજકોટ અને સુરતના તાપમાન વચ્ચે કેટલો તફાવત છે ?.........................................

(6) નલિયાનું તાપમાન 0$^0$C થવા માટે કેટલું તાપમાન ઓછું થવું જોઈએ ?...................................